# ગાંધીનગર આસપાસથી ૪૯ જુગારી ઝડપાયા

## ૪૯ જુગારીઓને રૂ.૧,૬૮,૬૮૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી તમામ જુગારીઓ સામે કાયદેસરની કાર્યવાહી : સાદરામાંથી એક જુગારી ભાગી છુટવામાં સફળ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેર-ગ્રામ્ય વિસ્તારમાં આઠમના દિવસે બાજી માંડીને બેઠેલા જુગારીઓ પર પોલીસ ત્રાટકી હતી. પોલીસે રેઈડ પાડતા જુગારીઓના રંગમાં ભંગ પડ્યો હતો. ત્યારે પોલીસે જીઈબી, સાદરા ડબીપુરા, મેદરા કાંતાબા ફાર્મ ફાઉસ, મગોડી, આમલપુર, તારાપુર, સુઘડ અને અડાલજ સહિતના સ્થળો પર દરોડા પાડી ૪૯ જુગારીઓને રૂ.૧,૬૮,૬૮૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી તમામ જુગારીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે સાદરામાંથી એક જુગારી ભાગી છુટવામાં સફળ રહ્યો હતો.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શ્રાવણ માસ પૂર્ણ થવાને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે શ્રાવણી જુગાર રમવા માટે જુગારીઓ છેવાડાના ફાર્મહાઉસ પર ખાણીપીણી સહિતના આયોજન સાથે જુગાર રમવા માટે આયોજન કરતા હોય છે. તો બીજી તરફ જુગારની પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા પોલીસ પણ રાત-દિવસ એક કરી જુગારીઓને પકડી પાડવા માટે કમરકસી રહી છે. ત્યારે સેકટર-૨૧ પોલીસે બાતમીને આધારે જીઈબી ક્રિકેટ ગ્રાઉન્ટ પર બાજી માંડીને બેઠેલા મેહુલ રમેશભાઈ સોલંકી (મકાન નં.-૩૫ ટાઈપ-૪ જીઈબી કોલોની), હિતેશ અમરત મૌર્ય



(મ.નં.-૨, બંસરી સોસાયટી પેથાપુર), રૂત્વીજ કીરીટકુમાર ગુશાણી (બી-૪૦૧ શ્રી શરણમ ફલેટ સુર્યા સર્કલ સરગાસણ), શ્યામ પ્રવિણચંદ્ર જોશી (પેથાપુર) અને સુરજ જશુભાઈ પરમારને પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસને જુગારીઓ પાસેથી રૂ.૨૯૨૦ નો મુદ્દમાલ કબ્જે કર્યો હતો.

જયારે અડાલજ પોલીસે બાતમીને પગલે તારાપુર ગામમાં અશોક જયંતિજી ઠાકોરના ઘરની આગળ ખુલ્લી જગ્યામાં જુગાર રમી જુગારીઓ પર પોલીસ ત્રાટકી હતી. પોલીસે જુગાર રમી રહેલા મોહન જયંતિજી ઠાકોર (રહે તારાપુર),હિંમત મગાભાઈ ઝાલા (રહે દંતાલી), જગા પોપટજી ઠાકોર (તારાપુર), ચિનેશ પોપટજી ઠાકોર (તારાપુર) અશોક જયંતિજી ઠાકોર (તારાપુર) ને પકડી પાડ્યા હતા. પોલીસને દાવ પરથી તેમજ અંગજડતી દરમિયાન કુલ રૂ. ૧૪,૯૨૦ મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.

તો બીજીતરફ સુઘડ ગામે પગીવાસમાં પોલીસે રેઈડ પાડી જુગાર રમી રહેલા ભરત ફકીર ઠાકોર, તુષાર મહેન્દ્રભાઈ ઠાકોર, જગદીશ પ્રહલાદજી મકવાણાને પકડી પાડી રૂ.૧૨,૩૦૦ જપ્ત કરાયા છે.

અડાલજ ગામની સીમમાં જમીયતપુરા ગામ તરફ જવાના માર્ગ પર બાવળની ઝાડીઓમાં જુગારીઓ કુંડાળુ વળીને જુગાર રમી રહ્યા હતા. ત્યારે અચાનક પોલીસને જોઈ જુગારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. જો કે પોલીસે તમામ જુગારીઓને પકડી પાડ્યા હતા. જેમાં પ્રહલાદ કાળુભાઈ રાઠોડ (ઉવારસદ), રણજીત પ્રેમાભાઈ દંતાણી (જમીયતપુરા), જયંતિ ભગાભાઈ વાઘરી (અડાલજ), હરજી દેવાભાઈ વાઘરી (અડાલજ), નવઘણ ધમાભાઈ વાઘરી (અડાલજ), વિક્રમ હરજીભાઈ વાઘરી (અડાલજ), ગોપાલ ડાહ્યાભાઈ વાઘરી, ભાઈમલ ભુરાભાઈ વાઘરી, કરણ ભુરાભાઈ વાઘરી, મુકેશ દિનેશ વાઘરી અને નંદલાલ બચુભાઈ વાઘરીનો સમાવેશ થાય છે. જુગારીઓ પાસેથી રૂ.૩૨,૩૦૦ નો મુદ્દામાલ પોલીસે જપ્ત કરી તમામની જુગારધારે હેઠળ ધરપકડ કરવામાં આવી હતી.

ચિલોડા પોલીસે પણ બાતમીને પગલે સાદરા ડબીપુરા વાસમાં રેઈડ પાડી જુગાર રમી રહેલા ગામના પોપટ ડાહ્યાભાઈ દંતાણી, લક્ષ્મણ રણછોડજી વાઘેલા, વિષ્ણુ વેલજીભાઈ રાવળ, અજીત ઉદાજી ઠાકોર, મહેશ જયંતિભાઈ પંચાલ, ગાભા અમથાજી ચૌહાણ, અલ્પેશ નવીનભાઈ રાવળ, પ્રતાપ ભીખાજી ચૌહાણ, ચેતન રાજુભાઈ ચૌધરી અને કરણ ગોપાળસિંહ રહેવરને પકડી પાડી મોબાઈલ ફોન નંગ-૫, મળી કુલ રૂ.૨૦,૨૭૦ નો મુદ્દામાલ જપ્ત કરાયો છે. જયારે પંકજ ગુગાજી ઠાકોર ભાગી ગયો હતો.

મગોડી ગામે ખોડીયાર માતાજીના મંદિર પાસેથી એકાંતમાં ખુલ્લી જગ્યામાં બાજી માંડીને બેઠેલા હિતેશ ચૌહાણ, સંજય ઝાલા, અને દિલિપ બિહોલાને ચિલોડા પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસે અંગજડતી, દાવ તેમજ મોબાઈલ મળી કુલ રૂ.૩૮,૯૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

તો બીજીતરફ આલમપુર શાક માર્કેટમાં ઓટલા પર જુગાર રમી ચાર શખ્સોને રૂ.૧૦,૨૪૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ત્યારે મેદરા રેલ્વે સ્ટેશન પાસેના કાંતાબા ફાર્મ હાઉસમાં અમદાવાદના ઓટો કન્સલટન્ટના વેપાર સાથે સંકળાયેલા વેપારીઓ જુગાર રમવા માટે આવ્યા હતા. પરંતુ ડભોડા પોલીસે બાતમીને પગલે રેઈડ પાડી હતી. આ ફાર્મ હાઉસમાં જુગાર રમવાની સાથે સાથે જમવાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.પરંતુ પોલીસને જોઈ જુગારીઓને પરસેવો છુટી ગયો હતો. પોલીસે જુગાર રમી રહેલા તેજસ રોહિત પટેલ (હરી વલ્લભ સોસાયટી દેવી સિનેમા નરોડા),નિલેશ મનુભાઈ પટેલ (રહે વસંતવિલા સોસાયટી સ્મશાન રોડ નરોડા), પાર્થ પ્રતાપકુમાર સરવૈયા(ગણેશ ફલેટ સી-૩ નરોડા), કેતુ દિપક પટેલ (વહેલાલ સોસાયટી પાયલનગર રોડ નરોડાo, વિશ્વનાથ કનુભાઈપટેલ (મહારથી બંગ્લોઝ નરોડા), સૌરભ નરેન્દ્ર પટેલ (રમ્યકુંજ સોસાયટી નરોડા), બ્રિજેશ પટેલ (કામેશ્વર ડુપ્લેક્ષ નરોડા) ને પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી દાવ તેમજ રોકડ મળી કુલ રૂ.૩૬,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે. જયારે પોલીસે ગાંધીનગરના આસપાસ વિસ્તારમાં જુગારની બાજી માડીને બેઠેલા ૪૯ જુગારીઓને પકડી પાડી જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જયારે પોલીસની રેઈડ ને પગલે જુગારીઓમાં પણ ફફડાટ ફેલાઈ ગયો હતો.

### સેકટર-૨૧ પોલીસ મથક વિસ્તારમાંથી ૧૮ જુગારી ઝડપાયા

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ પોલીસ મથક વિસ્તારમાંથી આઠમના દિવસે જુગાર રમી રહેલા ૧૮ જુગારીઓને પોલીસે અંદાજે રૂ.૧૮ હજારથી વધુના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા હતા. પોલીસે સેકટર-૨૪, સેકટર-૨૫ અને જીઈબી કાચા છાપરા વિસ્તારમાંથી જુગારીઓને દબોચી લીધા હતા.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૨૧ પોલીસે સેકટર-૨૫ જીઆઈડીસી વિસ્તારમાં ખુલ્લી જગ્યામાં બેસીને જુગાર રમી રહેલા શખ્સોને પકડી પાડ્યા હતા. જેમાં સેકટર-૨૫ ખાતે રહેતો ભરત ભુવા રાવળ, જોગીન્દર મુન્નાસિંગ રાજપુત, કલ્પેશ કરશન રાવત, શંકર રાણા વણઝારા,અને મહેન્દ્ર શ્યામ દંતાણી પાસેથી અંગજડતી, દાવ પરથી મળીને કુલ રૂ.૫ હજારનો મુદ્દામાલ કબ્જે કરાયો હતો. જયારે જીઈબી કાચા છાપરામાં જુગાર રમી રહેલા ભરત ડાહ્યા દંતાણી, પંકજ પ્રવિણ સોલંકી, બળવતં પુરબીયા, ચતુર હરજી કબીરા, પ્રવિણ સોમા સોલંકી, તેમજ ગણપત જોગા ચૌધરીને રૂ.૧૦,૪૫૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડયા હતા. તો બીજીતરફ પોલીસે બાતમીને પગલે સેકટર-૨૪ ખાતે દરોડા પાડી અમિત ભગા મકવાણા, અશોક બકા દંતાણી, રાજુ મથુર દંતાણીને કુલ રૂ.૩ હજારના મુદ્દામાલ સાથે પકડી પાડી જુગારધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. ત્યારે સેકટર-૨૪ માં સાંઈ બાબા મંદિર પાસે થી પુનમ ખેમા મારવાડી, રોશન યશવંત શાહ, વિશાલ ભીમા મારવાડી, અને દશરથ પરમારને રૂ.૮૪૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

# નારદીપુરનું તળાવ ઉર્જાનું કેન્દ્ર બનશે : અમિત શાહ

## જન્માષ્ટમીએ નારદીપુરમાં તળાવ પરિસરમાં અમિતભાઈ શાહ દ્વારા નક્ષત્રવનમાં વડ-આમળાનું વૃક્ષારોપણ



ગાંધીનગર, તા.૨૦

જન્માષ્ટમીના પાવન પર્વે ભારતના ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહે ગાંધીનગર જિલ્લાના નારદીપુર ગામના તળાવ પરિસરમાં વટ વૃક્ષ વાવ્યું હતું. ભરણી નક્ષત્રમાં જન્મેલા અમિતભાઈ શાહે નક્ષત્ર વન અંતર્ગત કરેલા વૃક્ષારોપણમાં પોતાના નક્ષત્રના આરાધ્ય વૃક્ષ આમળાનો છોડ પણ આવ્યો હતો. નારદીપુર તળાવના સૌંદર્યીકરણ પ્રોજેક્ટ અંતર્ગત ૪,૦૦૦ વૃક્ષોના વાવેતર અને ઉછેરનો સંકલ્પ છે. 'ગાંધીનગર લોકસભા-હરિયાળી લોકસભા' અભિયાન અંતર્ગત મિશન મિલિયન ટ્રી ઝુંબેશમાં આજે નારદીપુરમાં વૃક્ષારોપણ કારસેવા કાર્યક્રમ યોજાયો હતો.

ગૃહ અને સહકાર કેન્દ્રીય મંત્રી અમિતભાઈ શાહે સૌને કૃષ્ણ જન્મોત્સવ-જન્માષ્ટમીની શુભેચ્છાઓ પાઠવતાં કહ્યું હતું કે, ભગવાન શ્રીકૃષ્ણના જીવનનો અભ્યાસ કરીએ તો આશ્ચર્ય થાય કે, એક જ વ્યક્તિમાં આટલું વૈવિધ્ય કેવી રીતે હોઈ શકે!

ભગવાન શ્રીકૃષ્ણ યોગી સ્વરૂપે પણ છે અને મહાન સંગીતકાર તરીકે પણ આપણે તેમને ઓળખીએ છીએ. ગીતાના રચયિતા અને તત્વજ્ઞાનના પ્રણેતા પણ શ્રીકૃષ્ણ છે તો ચારુણ અને કંસનો વધ કરનાર મહાન મલ્લ પણ ભગવાન શ્રીકૃષ્ણ છે. સારંગ ધનુષ્યના ધારણકર્તા શક્તિશાળી ધનુર્ધારી શ્રીકૃષ્ણ છે, તો પંચજન્યધારી મહાન રણનીતિકાર પણ ભગવાન શ્રીકૃષ્ણ છે. અધર્મનો નાશ કરીને ધર્મની સ્થાપના માટે 'સંભવાની યુગે યુગે'નો સંદેશો આ સૃષ્ટિને આપનાર ભગવાન શ્રીકૃષ્ણ દરેકના મનમાં બિરાજે છે. આજના આ પાવન પર્વે દ્વારકાથી લઈને આસામ સુધી અને વૈષ્ણોદેવીથી લઈને કન્યાકુમારી સુધી સમગ્ર ભારતમાં દરેક નાગરિક ભક્તિભાવપૂર્ણ ઉમળકાભેર જન્માષ્ટમીની ઉજવણી કરી રહ્યો છે.

સમગ્ર વિશ્વમાં આ એક જ જન્મદિવસ એવો છે કે, કોઈ જાતના આમંત્રણ વિના દરેક વ્યક્તિ મધરાતે ૧૨.૦૦ વાગ્યાની રાહ જોઈને પોતાના ઘરમાં ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવ ઉજવે છે.

લોકો આખો દિવસ ઉપવાસ કરે છે અને મધરાતે પંજરીના પ્રસાદથી મોઢું મીઠું કરે છે. આવા આ પાવન પર્વે તેમણે નારદીપુર અને આસપાસના સૌ નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

### કુડાસણ પાટીયા પાસે માર્ગ ઓળંગતા અજાણ્યા વાહનની અડફેટે વૃધ્ધનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર-કોબા માર્ગ પર કુડાસણ પાટીયા પાસે ગઈરાત્રીના સમયે બસમાંથી ઉતરીને માર્ગ ઓળંગી રહેલા વૃધ્ધનું અજાણ્યા વાહનની ટક્કરે ગંભીર ઈજાને પગલે મૃત્યુ નિપજયુ છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૫ એ પ્લોટ નં.૧૨૯૮-૨ ખાતે રહેતા ભાવિન નરોત્તમભાઈ વાઘેલા ખેતીકામના ઓઝારની દુકાન ધરાવે છે. તેમના ૭૦ વર્ષિય મોટા બાપા બળવંતભાઈ અમૃતલાલ વાઘેલા કુડાસણ શુકન સ્કાય ફલેટમાં રહેતા હતા. જે ગતરોજ રાત્રીના સમયે અમદાવાદથી બસમાં બેસી ઘરે આવવા માટે નીકળ્યા હતા. કુડાસણ બસ સ્ટેન્ડ ખાતે રાત્રીના ૮ વાગે વૃધ્ધ બસમાંથી નીચે ઉતર્યા હતા. વૃધ્ધ માર્ગ ક્રોસ કરીને ઘર તરફ જઈ રહ્યા હતા તે સમયે અચાનક કોબા થી ગાંધીનગર તરફ આવતા અજાણ્યા વાહનની અડફેટે વૃધ્ધ આવી ગયા હતા. જેથી વડીલ માર્ગ પર પટકાતા શરીરે ગંભીર ઈજા પહોંચી હતી. બનાવને પગલે રાહદારીઓ અને અન્ય વાહનચાલકો એકઠા થઈ ગયા હતા. તે સમયે ભાવિન સીટી પ્લસ ખાતે હોવાથી તેના પિતા નરોત્તમભાઈએ ફોન કરીને અકસ્માતની જાણ કરી હતી. જેથી તે તાત્કાલીક ઘટના સ્થળે પહોંચીને ૧૦૮ ને કોલ કરી બોલાવી ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ ગયા હતા. જયાં હાજર પરના તબિબ દ્વારા તપાસ કરી બળવંતભાઈને મરણ જાહેર કર્યા હતા. બનાવના પગલે ઈન્ફોસીટી પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



રાષ્ટ્રપ્રેમ - દેશભરમાં ૧૫મી ઓગસ્ટની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. શહેરના વિવિધ વસાહત મંડળો, સામાજિક સંસ્થાઓએ પણ રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રભાવનાની અભિવ્યક્તિ કરતા કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. ગાંધીનગર, સરગાસણ સ્થિત રેડીયન રેસીડેન્સી ખાતે પણ ૭૫માં સ્વતંત્રતા દિવસ અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ દેશભક્તિના ગીતો પર નૃત્યની પ્રસ્તુતિથી વસાહતીઓને મંત્રીમુગ્ધ કરી દીધા હતા..

# જિલ્લામાં કોઈપણ વેપારી ગુણવત્તા વગરની ખાધ ચીજવસ્તુઓનું વિતરણ ન કરે : કલેકટર

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ તથા જિલ્લા તકેદારી સમિતિની બેઠક આજે જિલ્લા ઈન્ચાર્જ કલેકટર – જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌત્તમના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં ઈન્ચાર્જ કલેકટર - જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌત્તમે જણાવ્યું હતું કે, ચોમાસાની સિઝન છે. તેમજ તહેવારો ચાલી રહ્યાં છે. તે સમયે ખાદ્ય ચીજવસ્તુઓનું વિતરણ કરતાં વેપારીઓની મીઠાઈ, ફરસાણ અને અન્ય ખાદ્ય ચીજવસ્તુઓની ચકાસણી કરવી જોઈએ. જિલ્લામાં કોઈપણ વેપારી ગુણવત્તા વગરની ખાદ્ય ચીજવસ્તુઓનું વિતરણ ન કરે તેની ખાસ તકેદારી રાખવા માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્રના અધિકારીને ભારપૂર્વક જણાવ્યું હતું. કલેકટરે જિલ્લામાં કરિયાણા, શાકભાજી કે અન્ય વસ્તુઓનું કે જેનું તોલમાપ કરીને ગ્રાહકોને વિતરણ કરવામાં આવે છે. તેના તોલમાપના સાધનો યોગ્ય નિયમોનુસાર છે કે નહિ, તેની આકસ્મિક ચકાસણી કરવા માટે પણ કાનુની માપ વિજ્ઞાન કચેરીના અધિકારીને સૂચના આપી હતી. તેમજ શહેરમાં દૂધ કે અન્ય ચીજવસ્તુઓનું વિતરણ છપાયેલ કિંમત કરતા વધુ રકમે ન થાય તેની પણ ખાસ તકેદારી રાખવા જણાવ્યું હતું. તોલમાપ તંત્રને ગ્રાહકો પોતાની ફરિયાદ સરળતાથી કરી શકે તે માટે તેમના ટોલ ફ્રી નંબર કે અન્ય માધ્યમની જાણ રેશનીંગની દુકાન, સરકારી કચેરીઓ કે અન્ય જગ્યાએ સાઈન બોર્ડ મુકી ગ્રાહકોમાં જનજાગૃત્તિ લાવવાની પ્રવૃત્તિ ખાસ કરવા જણાવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા પુરવઠા અધિકારી એ.આર.ઠક્કરે સમિતિની સમક્ષ રેશનકાર્ડ સાથે આધારકાર્ડ લિંક કરવાની કામગીરી, મોબાઈલ નંબર રજિસ્ટ્રેશન કરવાની કામગીરી, વિજીલન્સ કમિટીની બેઠક અંગેની વિસ્તૃત માહિતી આપી હતી. આ બેઠકમાં દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ, કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોર, માણસાના ધારાસભ્ય સુરેશભાઈ પટેલ સહિત સંબંધિત સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.



યોગને વિશ્વભરમાં લોકપ્રિય બનાવવાના હેતુથી કેરાલાથી કાશ્મીરના સાયકલ પ્રવાસે નીકળેલી યુવતિ અગ્રિમા નાયર ગાંધીનગર આવી પહોંચી હતી. આ જાંબાઝ યુવતિ અગ્રિમા નાયરનું સ્વાગત સેક્ટર-૫ ખોડીયાર મંદિર ખાતે કરવામાં આવ્યું હતું. મંદિરના ટ્રસ્ટી રામભાઈ ગઢવી, સાગરદાન ગઢવી તથા સેક્ટર-૫ વસાહત મહામંડળના પ્રમુખે અગ્રિમા નાયરનું ફૂલહારથી સ્વાગત કર્યું હતું.

# ચિલોડા સીમ વિસ્તાર રહેણાંકના લોકોને કોવિડ શીલ્ડ વેક્સીનેશન હાથ ધરાયું



ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા ગામ દિનપ્રતિદિન વસ્તી અને રહેણાંક વિસ્તાર વધતો જાય છે. જયારે ગામ બહાર સીમ વિસ્તારમાં ગણાતો નર્સરીવાળો વિસ્તાર અને ખાંટ વિસ્તાર તથા અન્ય સીમ વિસ્તારમાં મોટાભાગના નાગરિકો રહેણાંક તરીકે વસવાટ કરી રહયા છે. આ વિસ્તારમાં નાગરિકોને ડોર ટુ ડોર વેક્સીનેશનના ભાગરૂપે ચિલોડા પેટા આરોગ્ય કેન્દ્રના ડો.કૌશલ નાયક તથા અન્ય આરોગ્યકર્મી દ્વારા વિસ્તારની મુલાકાત સાથે કુલ ૯૫ લોકોને વેકસિન આપી સુરક્ષિત કરાયા હતા.

# સ્વાતંત્રતા દિવસે ધપણ પ્રાથમિક શાળાનો સ્થાપના દિવસ ઉજવાયો



ગાંધીનગર, તા.૨૦

૧૫મી ઓગસ્ટના સ્વાતંત્ર્ય પર્વ નીમીતે ગાંધીનગર તાલુકાની પ્રાથમિક શાળાના પટાંગણમાં શાળાનો ૧૧૬મો સ્થાપના દિવસ અને આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. યુવરાજસિંહ રાણાના પ્રમુખ સ્થાને સમારોહ યોજાયો હતો જેમાં સરપંચ તથા ગામના આગેવાનો ઉપસ્થિત રહયા હતા. આ શાળાના પૂર્વ શિક્ષકો તેમજ ગ્રામજનોએ એકત્રિત થઈને ગામના અગ્રણી સ્વ.જશુભા રાણાને શ્રધ્ધાંજલિ કાર્યક્રમનું પણ આયોજન કરાયું હતું.

## ખૂણેખાંચરેથી

- કોંગ્રેસે આજે મતદારયાદીમાં ડુપ્લીકેટ નામોને લઈ રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી સુશ્રી પી.સી. ભારતીને આવેદનપત્ર આપ્યુ છે.
- ગાંધીનગર જિલ્લાની આજે યોજાયેલ વિવિધ બેઠકોનું અધ્યક્ષસ્થાન ઈન્ચાર્જ કલેકટર સુશ્રી સુરભિ ગૌત્તમે સંભાળ્યુ હતુ.
- શહેર-જિલ્લામાં જન્માષ્ટમી પર્વની ઉજવણી આનંદ-ઉલ્લાસથી લોકોએ કરી.
- પૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીની જન્મ જયંતિની ઉજવણી આજે કોંગ્રેસ દ્વારા કરવામાં આવી હતી.
- દહેગામ તાલુકામાં જુગારની મોસમ પુરબહારમાં : સતત બીજા દિવસે દહેગામ પોલીસે ૧૭ શકુનીઓને ઝડપી પાડ્યા.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં ફરફરિયા વરસાદથી જનજીવન પર વિપરીત અસરો પડી છે.
- ગાંધીનગરમાં રજાનો માહોલ હોવાથી આજની રજા મુકી ત્રણ દિવસની રજા માણવામાં મશગુલ નગરવાસીઓ.
- આજે નારદીપુર-રૂપાલ વચ્ચે સીટીબસનું ટાયર ફાટતાં પ્રવાસીઓ પરેશાન થયા હતા.
- ભારતીય કિસાન સંઘની આજે પ્રદેશ કારોબારી ગાંધીનગર ખાતે મળી હતી.
- અધિકારીઓની બદલીનો મુદ્દો અટવાઈ જતાં કર્મચારીઓમાં ચર્ચાઓ વધવા પામી.
- ગાંધીનગર શહેરમાં ભુવાઓની દુરસ્તીની કામગીરી ધીમી ગતિએ ચાલી રહી હોવાથી નગરજનોમાં રોષની લાગણી જન્મી છે.
- કલેકટર કચેરીમાં યુરિનલ અને શૌચાલયની નિયમિત સફાઈ ના થતાં દુર્ગંધનું સામ્રાજ્ય ઉભુ થયુ છે.
- રાજયના આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે આજે કોવિડ, કોવિડ વેક્સિનેશન તેમજ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના કાર્યક્રમોની જિલ્લાઓ સાથે વિડીયો કોન્ફરન્સ કરી સમીક્ષા કરી હતી.

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં
પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.